Friday
06.09.2024
✳Volume :9 ✳ Issue No.50
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીની સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે મુલાકાત

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે સિંગાપોરના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી લોરેન્સ વોંગ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રી વોંગે સંસદ ભવન ખાતે પ્રધાનમંત્રીનું ઔપચારિક સ્વાગત કર્યું હતું. તેમની વાતચીતમાં બંને નેતાઓએ ભારત અને સિંગાપોર વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિની સમીક્ષા કરી હતી. દ્વિપક્ષીય સંબંધોની વ્યાપકતા અને ઊંડાણ અને પ્રચૂર સંભવિતતાને ધ્યાનમાં રાખીને, તેઓએ સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી લઈ જવાનો નિર્ણય લીધો. તેનાથી ભારતનીએક્ટ ઈસ્ટ પોલિસીનેપણ મોટું પ્રોત્સાહન મળશે. આર્થિક સંબંધોમાં મજબૂત પ્રગતિની સમીક્ષાકરતા, બંને નેતાઓએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણના પ્રવાહને વધુ વિસ્તૃત કરવા હાકલ કરી હતી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્રમાં આશરે ૧૬૦ અબજ ડોલરનું રોકાણ ધરાવતું સિંગાપોર ભારત માટે અગ્રણી આર્થિક ભાગીદાર છે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે, ભારતમાં ઝડપી અને સાતત્યપૂર્ણ વૃદ્ધિએ સિંગાપોરની કંપનીઓમાટે રોકાણનીપુષ્કળ તકો ખોલી છે. તેમણે સંરક્ષણ અને સુરક્ષા, દરિયાઈ ક્ષેત્રમાં જાગૃતિ, શિક્ષણ, એઆઈ, ફિનટેક, નવી ટેકનોલોજીનાં ક્ષેત્રો, વિજ્ઞાન અને ટેકનોલોજી તથા જ્ઞાન ભાગીદારીનાં ક્ષેત્રોમાં વર્તમાન સહકારની સમીક્ષાપણ કરી હતી. બંને નેતાઓએ આર્થિક અને લોકો વચ્ચેનાં સંબંધોને વધારવા દેશો વચ્ચે જોડાણને મજબૂત કરવા અપીલ કરી હતી. તેઓએ ગ્રીન કોરિડોર પ્રોજેક્ટ્સમાંવેગ આપવા પણ હાકલ કરી હતી. બંને નેતાઓએ ઓગસ્ટ, ૨૦૨૪માં સિંગાપોરમાં આયોજિત બીજા ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનાં પરિણામોની ચર્ચા કરી હતી. મંત્રીમંડળની ગોળમેજી પરિષદ એક વિશિષ્ટ વ્યવસ્થા છે એ બાબતની નોંધ લઈને બંને નેતાઓએ દ્વિપક્ષીય સહકાર માટે નવા એજન્ડાની ઓળખ કરવા અને વિચાર-વિમર્શમાં બંને પક્ષના વરિષ્ઠ મંત્રીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીનીપ્રશંસા કરીહતી. બંને નેતાઓએ મંત્રીસ્તરીય ગોળમેજી પરિષદ—એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, કનેક્ટિવિટી, ડિજિટલાઈઝેશન, હેલ્થકેર અને મેડિસિન, કૌશલ્ય વિકાસ અને સ્થાયીત્વનાં ક્ષેત્રોમાં ઓળખાયેલાસહકારનાંઆધારસ્તંભો હેઠળ ઝડપી કામગીરી કરવા અપીલ કરી હતી. બંને નેતાઓએ એ વાત પર ભાર મૂક્યો હતો કે, આ આધારસ્તંભો હેઠળ, ખાસ કરીને સેમિકન્ડક્ટર્સ અને મહત્ત્વપૂર્ણતથઉભરતીટેકનોલોજીનાં ક્ષેત્રોમાં સહકાર, દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ કરે છે, જેઆપણાં સંબંધોને ભવિષ્યલક્ષી બનાવે છે. તેમની ચર્ચામાં ૨૦૨૫માં દ્વિપક્ષીય સંબંધોની ૬૦મી વર્ષગાંઠની ઉજવણીને પણ આવરી લેવામાં આવી હતી. બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક જોડાણ એઆ સંબંધોનો એક મહત્વપૂર્ણ ઘટક છે એ બાબતનોઉલ્લેખકરીનેપ્રધાનમંત્રીએ જાહેરાતકરી હતીકે, સિંગાપોરમાં ભારતનું પ્રથમ થિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્ર ખોલવામાં આવશે. બંનેનેતાઓએ ભારત—આસિયાન સંબંધો અને ઈન્ડો-પેસિફિક માટે ભારતનાં વિઝનસહિત પારસ્પરિક હિતનાં મહત્ત્વપૂર્ણ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ અભિપ્રાયોનું આદાનપ્રદાન કર્યું હતું. બંને નેતાઓએ સેમિકન્ડક્ટર્સ, ડિજિટલ ટેકનોલોજીસ, કૌશલ્ય વિકાસ અને હેલ્થકેરમાં સહકાર સ્થાપિત કરવા એમઓયુનાં આદાન-પ્રદાનનાં સાક્ષી બન્યાં હતાં. અત્યાર સુધી યોજાયેલી ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજીપરિષદનાંબેરાઉન્ડટેબલ્સ દરમિયાન થયેલી ચર્ચાવિચારણાનાં આ પરિણામો છે. પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી વોંગને ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું, જેનોતેમણે સ્વીકાર કર્યો હતો.

આનંદ નિકેતન શાળા- સુઘડગાંધીનગર ખાતે શિક્ષક દિન કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી

"ભારતનું ભાવી વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે" - જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ

માણસા વિસ્તારના ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ ની વિશેષ ઉપસ્થિત

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

શિક્ષકો વગર શ્રેષ્ઠ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ શક્ય નથી. શિક્ષક આદર્શસમાજના નિર્માણનો પાયો છે. શિક્ષકોના અમૂલ્ય યોગદાન માટે સન્માન અને કૃતજ્ઞતા વ્યકત કરવા, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આનંદ નિકેતન

શ્રેષ્ઠ વ્યક્તિ નિર્માણ દ્વારા જ શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે,અને શ્રેષ્ઠ વ્યક્તિ નિર્માણ એક શિક્ષક દ્વારાજ શક્ય છે- જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ

શાળા-સુઘડ, ગાંધીનગર ખાતે ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લા તથા તાલુકા કક્ષાએ શાળામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકો,શાળા અને વિવિધ પરીક્ષાઓમાં સિદ્ધી હાંસલ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતુ કે, 'શ્રેષ્ઠ વ્યક્તિ નિર્માણ દ્વારાજ શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ થાય છે અને શ્રેષ્ઠ વ્યક્તિ નિર્માણ એક શિક્ષક દ્વારાજ શક્ય છે.' શિક્ષક સમગ્ર વિશ્વને બદલવાની ક્ષમતા ધરાવેછે. શિક્ષકો માટે આ વાત યથાર્થ છે કે 'વ્યક્તિ જન્મથી નહીં પોતાના કર્મથી જ મહાનબને છે.' ગાંધીનગર જિલ્લા પંચાયતપ્રમુખશ્રીએ આપ્રસંગે સર્વ પુરસ્કૃતશિક્ષકમિત્રોને અભિનંદન પાઠવતાજણાવ્યું હતુંકે, વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકની ભૂમિકા ખુબ મહત્વની છે. જે બાળકોનાઉજ્જ્વળ ભાવિષ્યને સુનિશ્ચિત કરવાનું કાર્ય કરે છે. જિલ્લાનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સહિત ગાંધીનગર જિલ્લા વહિવટી તંત્ર અને શિક્ષણ વિભાગ હરહંમેશ પ્રયત્નશીલ રહ્યુ છે.તેમ જણાવતા જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જિલ્લાના શિક્ષણ વિભાગની કામગીરી ને પણ બિરદાવીહતી. તેમણે ઉમેર્યુંહતુ કે જેમ એક સિપાહી સરહદી સુરક્ષા કરે છે, તેમ શિક્ષકો સમાજમાં પ્રસરેલાદૂષણો અને કુરિવાજો સામે લડત આપી સ્વસ્થ અને શિક્ષિત સમાજનું નિર્માણ કરે છે.માટેજ આપણી સંસ્કૃતિમાં શિક્ષકનું પદ સર્વપરી માનવામાં આવે છે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી ડૉ. બી. એન. પ્રજાપતિએ હાજર સૌનું શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યુ હતું કે, ગાંધીનગર જિલ્લો સતત પ્રગતિ કરી રહ્યો છે, જેમાં શિક્ષકોની ભૂમિકા પ્રસંશનીય છે.સાથે સાથે સરકારશ્રીના સૌજન્ય થકી જિલ્લાનો શિક્ષણ વિભાગ હરહંમેશ યોજનાકીય લાભો દ્વારા વિધાર્થીઓને આગળ વધવામાં મદદ કરવાતત્પર છે.શિક્ષણ દિવસ નિમિત્તો યોજાયેલા પારિતોષિક સન્માન સમારોહ અંતર્ગત જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠતા સન્માન પ્રાપ્ત કરનારા શિક્ષકોને રૂ.૧૫ હજારનો ચેક, શાલ અને પ્રશસ્તિ પત્ર આપી પુરસ્કૃત કરાયા હતા.જ્યારે તાલુકા કક્ષાએ પસંદગી પામેલા શિક્ષકોને રૂ.૫ હજારનો ચેક, સાલ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ગુજરાત સરકારશ્રી દ્વારા લેવાતી જ્ઞાન સાધના અને સીઈટી પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા, એસ.એસ.સી તથા એચ.એસ.સીમાંસોટકા પરિણામ લાવનારશાળાઓને પણ આ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષકદિન નિમિત્તે જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ૪ શિક્ષકોની પસંદગી કરવામાંઆવી હતી. તથા તાલુકા કક્ષાએ સાત શિક્ષકો પસંદ કરાયાહતા. આઉપરાંત ગાંધીનગર જિલ્લા શ્રેષ્ઠ શાળાસ્પર્ધામાં વિજેતા ૩ શાળાઓને પણ પુરસ્કૃત કરવામાં આવી હતી. સાથે સાથે એન.એસ.એસ યુનિટ ની શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લાની ૧૨ શાળાઓને પણ પ્રશસ્તિપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે ગાંધીનગરના મેયરશ્રી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, માણસા વિસ્તાર ના ધારાસભ્યશ્રી જે.એસ પટેલ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી હંસાબેન પટેલ, જિલ્લાવિકાસ અધિકારીશ્રી બી. જે પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી ડોપી.કે પટેલ, પ્રાચાર્યજિલ્લા શિક્ષણ અને તાલિમ શ્રી હિતેષદવે તથાઆનંદ નિકેતન સુઘળ શાળાના ટ્રસ્ટી શ્રી વિવેકભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યાહતા.

પ્રધાનમંત્રીએ શિક્ષક દિવસના અવસર પર શુભેચ્છાઓ પાઠવી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શિક્ષક દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. તેમણે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પિત કરી, જેને શિક્ષક દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે. X પર એક વીડિયો પોસ્ટ કરતાં શ્રી મોદીએ કહ્યું: "શિક્ષક દિવસ પર હાર્દિક શુભેચ્છાઓ, આ યુવા મગજને આકાર આપનારા તમામ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પ્રસંગ છે. ડૉ. રાધાકૃષ્ણનને તેમની જન્મજયંતિપર શ્રદ્ધાંજલિ.''

પ્રધાનમંત્રીએ એઈએમ સિંગાપોરની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી મહામહિમ શ્રી લોરેન્સ વોંગ સાથે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં સિંગાપોરની અગ્રણી કંપની એઈએમની મુલાકાત લીધી હતી. તેમને વૈશ્વિક સેમીકન્ડક્ટર વેલ્યુ ચેઈનમાં એઈએમની ભૂમિકા, તેની કામગીરી અને ભારત માટેની યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સિંગાપોર સેમીકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી એસોસિએશને સિંગાપોરમાં સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસ અને ભારત સાથે સહયોગની તકો વિશે એક બ્રીફિંગ આપી હતી. આ ક્ષેત્રની સિંગાપોરની અન્ય ઘણી કંપનીઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીએ ૧૧-૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪નાં રોજ ગ્રેટર નોઈડામાં આયોજિત થનારી સેમિકોન ઈન્ડિયા પ્રદર્શનમાં સહભાગી થવા સિંગાપોરની સેમિકન્ડક્ટર કંપનીઓને આમંત્રણ આપ્યું હતું. ભારતમાં સેમીકન્ડક્ટર ઉત્પાદન પ્રણાલીને વિકસિત કરવાના અમારા પ્રયાસો અને આ ક્ષેત્રમાં સિંગાપોરની તાકાતને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ દ્વિપક્ષીય સહકારને વિસ્તૃતકરવાનો નિર્ણય લીધો છે. ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકની બીજીબેઠક દરમિયાન બંને પક્ષોએ દ્વિપક્ષીય સહકાર વધારવા માટે આધારસ્તંભ તરીકે સેમિકન્ડક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે એડવાન્સમેન્યુફેક્ચરિંગને ઉમેરવા સંમતિ વ્યકત કરી હતી. બંને પક્ષોએ ભારત-સિંગાપોર સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ પાર્ટનરશિપ પર એમઓયુ પણ સંપન્ન કર્યા છે. આ સુવિધામાં બંને પ્રધાનમંત્રીઓએ સિંગાપોરમાં તાલીમ લઈ રહેલાઓડિશાના વર્લ્ડ સ્કિલ સેન્ટરના ભારતીય તાલીમાર્થીઓતેમજ સીઆઈઆઈ-એન્ટરપ્રાઈઝ સિંગાપોર ઈન્ડિયા રેડીટેલેન્ટ પ્રોગ્રામહેઠળ ભારતની મુલાકાતે આવેલા સિંગાપોરના તાલીમાર્થીઓ અને એઈએમમાં કાર્યરત ભારતીય એન્જિનીયરો સાથે પણ વાતચીત કરી હતી. બંને પ્રધાનોમંત્રીની આ મુલાકાત આ ક્ષેત્રમાંસહકાર વિકસાવવામાટે બંને પક્ષોની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. પ્રધાનમંત્રી મોદીએ આ મુલાકાતમાં પ્રધાનમંત્રી વોંગની સાથે જોડાવા બદલ તેમની પ્રશંસા કરીહતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મેન્સ કલબ થ્રોઈવેન્ટમાં સિલ્વરજીતવા બદલ પ્રણવસૂરમાને અભિનંદન પાઠવ્યા



કમલમ્ ન્યુઝ,

એથ્લેટ પ્રણવ સૂરમાની દ્રઢતા અને દ્રઢતાની પ્રશંસા કરતા, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ તેમને ચાલી રહેલા પેરિસ પેરાલિમ્પિક્સમાં મેન્સ કલબ થ્રો F51 ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવાબદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મોદીએ X પર એક પોસ્ટમાં લખ્યું: "#Paralympics2024 માંમેન્સ ક્લબ થ્રો F51માંસિલ્વર મેડલ જીતવા બદલ પ્રણવ સૂરમાને અભિનંદન! તેમની સફળતા અસંખ્ય યુવાનોને પ્રોત્સાહિત કરશે. તેમની દ્રઢતાઅને મક્કમતાપ્રશંસનીય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મેન્સ કલબ થ્રોઈવેન્ટમાં સુવર્ણજીતવાબદલ ધરમબીરને અભિનંદન પાઠવ્યા

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્ર મોદીએચાલી રહેલ પેરિસ પેરાલિમ્પિક્સમાં મેન્સ કલબ થ્રો F51 ઈવેન્ટમાંઆજે ભારતને પ્રથમ ગોલ્ડમેડલ અપાવવા બદલ એથ્લીટ ધરમબીરને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મોદીએ X પર પોસ્ટ કર્યું:"અસાધારણ ધરમબીરે #Paralympics2024માંમેન્સ કલબ થ્રો F51 ઈવેન્ટમાં ભારતનો પ્રથમ પેરાલિમ્પિક ગોલ્ડ જીતીને ઈતિહાસ રચ્યોછે. આ અતુલ્યસિદ્ધિ તેમનાઅદમ્ય ઉત્સાહને કારણે છે. ભારત આ સિદ્ધિથી ખુશ છે.

શિક્ષક દિને ગુરૂજનોનો ઋણસ્વીકાર શિક્ષક કલ્યાણ નિધિમાં મુખ્યમંત્રીશ્રીએ ફાળો અર્પણ કર્યો

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજ દાયિત્વનો ઋણસ્વીકાર કરતાંશિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અનેસ્કૂલ ઓફએચિવર્સનાં બાળકો પહોંચ્યાં હતાં. આજીવન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ તારીખ પાંચમી સપ્ટેમ્બરને દેશભરમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વ્યક્તિ અને સમાજ ઘડતરમાં શિક્ષકોના પ્રદાન નું ઋણ સ્વીકાર કરતાંસૌ આ દિવસે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળારૂપે સ્વૈચ્છિક યોગદાન આપેછે. મુખ્યમંત્રીશ્રીએ પણ શિક્ષક દિન અવસરે પોતાનો ફાળો અર્પણ કરીને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સહજ સંવાદ કરીને શિક્ષકો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યું હતું. આ વેળાએ જિલ્લાકલેક્ટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.બી.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગવાનભાઈ પ્રજાપતિ, પ્રાથમિક શિક્ષણાધિકારી પિયુષ પટેલ તથા અન્ય અધિકારીઓ અને શાળાના શિક્ષકો પણ જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં નવરંગપુરા સ્થિત દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે ઉપસ્થિત રહીને જૈન સંપ્રદાયને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ દેરાસરમાં કરાયેલાભગવાનના આંગીશણગારને નિહાળ્યોહતો તેમજ અત્યંત ભક્તિ ભાવપૂર્વક દર્શન કર્યા હતાં. ત્યારબાદ તેઓએ મહારાજ સાહેબનાં આશીર્વાદ લઈને ઉપસ્થિત સૌને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભગવાનના સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આપ્રસંગે જૈન શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, સ્થાનિકો ઉપસ્થિતરહ્યા હતા

તંત્રી સ્થાનેથી......

શિક્ષણ એ વિકાસનો પાયો છે અને એ પાયાનો પાયો એટલે શિક્ષક. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો છે, તેને સાકાર કરવામાં દેશના શિક્ષકોની ભૂમિકા પાયા રૂપ બની રહેવાની છે. દેશની આવતી કાલ સમા બાળકોની કારકિર્દી તેમજ જીવન ઘડતરનું કામ શિક્ષકોના હાથમાં રહેલું છે. નિષ્ઠાવાન અને દૃષ્ટિવંત શિક્ષકોના યોગદાનને બિરદાવવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે શિક્ષક દિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવે છે. શિક્ષક દિન નિમિત્તે આ વર્ષે અમદાવાદ શહેર અને જિલ્લાના મળીને કુલ 'શ્રેષ્ઠ શિક્ષકો'નું સન્માન થવાનું છે. શિક્ષણ ક્ષેત્રે પોતાની નિષ્ઠા અને દૃષ્ટિથી ઉમદા કામગીરી કરનારા અમદાવાદ જિલ્લાના બે શિક્ષકોને રાજ્ય કક્ષાનો, ત્રણ શિક્ષકોને જિલ્લા કક્ષાનો અને બે શિક્ષકોને તાલુકા કક્ષાનો 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' એનાયત કરાશે. રાજ્ય કક્ષાનો સન્માન સમારંભ અમદાવાદમાં ટાગોર હોલ ખાતે યોજનાર છે, જેમાં અમદાવાદની કુબેરનગર હિન્દી શાળા નં. ૧ના શિક્ષક ડૉ. પ્રેમસિંહ ક્ષત્રિય અને નિર્માણ ગર્લ્સ હાઈસ્કૂલ, નવા વાડજના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાનાં આચાર્ય શ્રીમતી લીલાબહેન ચૌધરીનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરાશે. અમદાવાદ જિલ્લા કક્ષાનો શિક્ષક સન્માન સમારંભ ડીપીએસ સ્કૂલ, બોપલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી કંચનબા વાઘેલાની અધ્યક્ષતામાં યોજાનાર છે. જિલ્લાના ધારાસભ્યશ્રીઓ અને કલેક્ટરશ્રીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાશે. આ વર્ષે જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવનારા શિક્ષકોમાં સાબરમતી શાળા નં. ૭ના ઉચ્ચ પ્રાથમિક શિક્ષક ડૉ. કેતન ઠાકોર, શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, મણિપુરના આચાર્ય શ્રી મહેશભાઈ દેસાઈ તથા દસ્ક્રોઈ તાલુકાની મિરોલી પે સેન્ટર શાળાનાં મુખ્ય શિક્ષક સુશ્રી આરતી શર્માનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રણેય શિક્ષકોને પારિતોષિક એનાયત કરીને સન્માનિત કરવામાં આવશે. અમદાવાદમાં તાલુકા કક્ષાનો એવોર્ડ મેળવનારા શિક્ષકોની વાત કરીએ તો બહેરામપુરા શાળા નંબર-૧૩ના ઉચ્ચ પ્રાથમિક શિક્ષક સુશ્રી કાજલબહેન સેવક તથા ગુજરાત હાઉસિંગ બોર્ડ, ચાંદખેડા શાળાનાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક સુશ્રી પ્રીતિ સિસોદિયાને તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાં આવશે. શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનારા શિક્ષકો તેમના વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય શિક્ષકો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

શ્રી પી.એચ.ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

શ્રી પી.એચ.ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી અત્યંત ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવી. આ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વિદ્વાન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક પ્રતિભાનું નિદર્શન કર્યું હતું. દરેક અધ્યાપક મિત્રોએ પણ વિદ્યાર્થીઓના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે, કોલેજના આચાર્યશ્રી અને સંસ્થાના સેક્રેટરીશ્રી ઉત્તમ ભાઈ પરમાર શિક્ષકોને શિક્ષક દિવસની શુભકામના ઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે શિક્ષક એક એવું વ્યક્તિ છે જે વિદ્યાર્થીઓના જીવનમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષક વિદ્યાર્થીઓને માત્ર જ્ઞાન જ આપતા નથી પરંતુ તેમને સારા નાગરિક બનવા માટે પણ પ્રેરણા આપે છે. આ કાર્યક્રમમાં સહભાગી થયેલા તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન. શિક્ષક દિન પર્વની

ઉજવણી કરવામાં આવી જેમાં કોલેજના વિધાર્થીઓ ભાઈ-બહેનો એ ભાગ લીધો હતો. શિક્ષણ પ્રત્યેનો પ્રેમ અને અને તેમના માં એક દિવસીય શિક્ષક બનવાની ઉત્સાહ ને કોલેજના આચાર્યશ્રી અને સંસ્થાના સેક્રેટરીશ્રી ઉત્તમ ભાઈ પરમાર બિરદાવી હતી.



કમલમ્ ન્યુઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને કીમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી એચ ઉમરાવ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, કીમ દ્વારા ઈન્ટર કૉલેજ બોક્સિંગ ભાઈઓ ની સ્પર્ધા તા-૦૨, થી ૪ સપ્ટેમ્બર દરમ્યાન યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધા મા ૨૩ કૉલેજ એ ભાગ લીધો હતો. અને ઉદઘાટન સમારોહ મા યુનિવર્સિટી ના કુલપતિ ડો કિશોરસિંહ ચાવડા સાહેબ રજીસ્ટ્રાર ડો રમેશદાન ગઢવી સાહેબ યુવક કલ્યાણ અને શારીરિક વિભાગ ના ઓ એસ ડી એવા ડો પ્રકાશચંદ્ર પટેલ અમારી કિમ એજ્યુકેશન સોસાયટી ના ટ્રસ્ટી શ્રી ઉત્તમભાઈ પરમાર અને નટવરસિંહ ઠાકોર અંકલેશ્વર કૉલેજ ના ઈન્ચાર્જ આચાર્ય ડૉ નંદાસાહેબ. આયોજક કૉલેજ ના ઈન્ચાર્જ આચાર્ય ડો કેતન નિઝામા ચીફ રેફરી ડો પ્રદીપ લેક્રા હાજર રહ્યા હતા. કુલપતિ અને રજિસ્ટ્રાર અને ઓ એસ ડી સાહેબ એ તમામ ખેલાડીઓને વક્તવ્ય આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતે આભારવિધિ કૉલેજ ના ના પ્રધ્યાપિકા ડો પાયલ મકવાણા એ કરી હતી. અને સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પી કે દેસાઈ વિદ્યાલય પ્રાથમિક વિભાગ ના આચાર્ય સંજય ભાઈ ગેડીયા એ કર્યુ હતુ....

થરા નગરે સિદ્ધિ દાયક શ્રી સિદ્ધિ તપ ની તપસ્યા ના પારણા યોજાશે

કમલમ્ ન્યુઝ,

બનાસકાંઠાની ધન્યધરાએ ધર્મનગરી થરા ગામે શ્રી શાંતિનાથ પ્રભુની અસીમ કૃપાથી અને ગુરુ ભગવંતોના મંગલ આશીર્વાદ થી શ્રીમાન સંજયકુમાર કિરીટકુમાર પાંચાણી, અ.સૌ. મિત્તલબેન સંજય ભાઈ પાંચાણી, એવં ચિ.બાલતપસ્વી જીત શાહના સિદ્ધિ દાયક શ્રી સિદ્ધિતપની તપસ્યા કરેલ છે. આ તપનો પ્રારંભ અષાઢ વદ-૭ ના રોજ થયેલ અને આ તપની પૂર્ણાહુતિ તિથિ-ભાદરવાસુદ-૬ તારીખ-૯-૯-૨૦૨૪ ના સવારે-૯:૦૦ કલાકે થશે. આ સિદ્ધિદાયક શ્રી સિદ્ધિ તપ માં કુલ ૩૬ ઉપવાસ અને ૮ બેસણા આવે છે. પ.પૂ. આ.ભ. પિયુષભદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં સિદ્ધિ તપ યોજાયેલ. અ.સૌ તપસ્વી સંજયભાઈ અને મિત્તાલબેન એ કરેલ તપસ્યા ઉપધાન, પાત્રિસુ, સિદ્ધિતપ, અઠ્ઠાઈ તપ, અઠ્ઠમ તપ, છઠ્ઠ તપ, ૨૪ તીર્થંકર કલ્યાણક તપ, વર્ષીતપ, શત્રુંજય તપ, નરક નિગોદ તપ વિગેરે તપસ્યાના કરેલ છે. બાલ તપસ્વી જીતએ ૧૫ વર્ષની નાની ઉંમર માં સિદ્ધિતપ કરેલ. સાથે સાથે માતા પિતા ને સાથ આપવા માટે સંજય ભાઈ નો સૌથી નાનો દીકરો જેની ઉંમર માત્ર ૧૦ વર્ષની છે. એને પણ અઠ્ઠાઈ તપ ની તપસ્યા કરેલ છે. આ તપસ્યા દેવ- ગુરુ-ધર્મ ની કૃપા થી નિર્વિઘ્નેપણે પૂર્ણતાને આરે છે. આ સિદ્ધિ તપ પ્રસંગે રાજસ્થાન મીરપુર તીર્થ થી માનવતાના મસીહા પ.પૂ.આ.ભ. શ્રીમદ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી નયશેખર વિજયજી મ.સા એ તપસ્વીઓને શુભ આશીર્વાદ અને શુભકામનાઓ સાથે સિદ્ધિતપ નો મહિમા જણાવતા જણાવેલ કે શતરંજ ની રમત હોય કે ચેસની રમત, તેને જીતવા ચાર સ્ટેપ હોય છે, તેમ આત્મા ને પરમાત્મા મય બનાવવા ચાર સ્ટેપ પ્રભુવીરે કહ્યા છે. દાન-શીયલ- તપ અને ભાવ તપ એ સર્વશ્રેષ્ઠ નિકાચિત કર્મ ને તોડવા માટેનો છે. સિદ્ધિતપ એ કર્મનિર્જરા કરવા માટે છે. અને આત્મા કલ્યાણ માટે નો શોર્ટ કટ છે, એ તપ દ્વારા આત્મનિર્ભર બની સિદ્ધ ગતિ ને સમાધિપૂર્વક મેળવી શકાય છે. તપ એ થર્મોમીટર છે આહાર સંજ્ઞાનું ટેમ્પરેચર માપવા માટે છે. તપસ્યા કરતા કરતા રે કેડંકા જોર બજા યારે, તપધર્મ નો જય જય કાર, તપસ્વી અમર રહો, તપસ્વી નો જય જય કાર. આ વખતે થરા નગરે ૪૨ શ્રાવક-શ્રાવિકાઓએ સિદ્ધિતપ ની તપસ્યા કરેલ છે. જેમાં તપસ્વીઓની શોભાયાત્રા તા.૮-૯-૨૦૨૪ સવારે- ૧૦:૦૦ કલાકે અને રાત્રે-૮:૦૦ કલાકે તપસ્વીઓની સામૂહીક સાંજી યોજાશે. તપસ્વીઓના પારણા તા.૯-૯-૨૦૨૪ના સવારે-૮.૦૦ કલાકે થશે અને સાથે શ્રી સંઘસ્વામીવાત્સલ્ય પણ યોજાશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન-જૈનેતરો ઉપસ્થિત રહેશે.

કમલમ્ ન્યુઝ,

શ્રી એમ.એલ. ગાંધી સંચાલીત સર પી ટી સાયન્સ કોલેજ ના સમાજ સેવી અધ્યાપક ડૉ. મનોજ ગોંગીવાલા દ્વારા રાજસ્થાનની સરહદે આવેલા પન્નાલાલ પટેલના વતન માંડલી ખાતેની શાળાઓમાં શિક્ષક દિન નિમિત્તે ચર્ચા સભા યોજી બાળકોને ગ્લુકોઝ બિસ્કિટ્સ નું વિતરણ કર્યું. સાયન્સ કોલેજના કર્મચારી શ્રી હરિહર સોની કાર્યક્રમમાં સાથે હાજર રહ્યા તથા શાળાના આચાર્યશ્રી શ્રદ્ધાબેન પંડ્યા તથા અધ્યાપકોએ ડૉ. ગોંગીવાલાને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સરસ્વતી મહાવિદ્યાલયમાં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

૦૫/૦૯/૨૦૨૪ ના રોજ જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય, અભવાગામ, સુરતના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી ઉત્તમ રીતે કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં આ આનંદકારક અને ગૌરવશાળી દિવસે, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ શિક્ષકોની ભૂમિકા ભજવી હતી. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ તેમને સોંપેલ વર્ગોમાં સંપૂર્ણ નિષ્ઠા સાથે અધ્યાપનકાર્ય કર્યું. ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા 'શિક્ષકનું ગૌરવ' કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થી દ્વારા 'તેરીપ્નાહ મેં રખના' પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રેરણા આપનાર તમામ પ્રાધ્યાપકોનું વિદ્યાર્થીઓ દ્વારા ફૂલ અને સ્વ-લિખિત કાર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સક્રિય અને ઉત્સાહી કૉલેજના પ્રિન્સિપાલ શ્રીમતી શ્યામલી બરગલેજીએ વિદ્યાર્થીઓને આ સુવર્ણ પ્રસંગે શુભેચ્છાઓ સાથે સંબોધિત કર્યા. આ પ્રસંગે પ્રા.લલિત આસોદેકરે પોતાનું નિવેદન આપ્યું હતું. તમામ પ્રોફેસરોને શુભેચ્છા ટોકન આપવામાં આવી હતી. અંતે તમામ વિદ્યાર્થીઓની પ્રતિભાવ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. હકીકતમાં, આજનો દિવસ અન્ય તમામ કાર્યક્રમથી સંપૂર્ણપણે અજોડ હતો. તેની સ્મૃતિ વર્ષો સુધી યાદ રહેશે.

શ્રી ગાંધીધામ લોહાણા મહાજન ની આરોગ્ય સમિતિ દ્વારા મેગા મેડિકલ કેમ્પ યોજાયો

કમલમ્ ન્યુઝ,

શ્રી ગાંધીધામ લોહાણા મહાજન ની આરોગ્ય સમિતિ દ્વારા મેગા મેડિકલ કેમ્પ નૂતન લોહાણા મહાજન વાડી ભારતનગર ખાતે યોજવામાં આવેલ જેમાં પ્રથમ મહાજનના પ્રમુખશ્રી પ્રવીણભાઈ જોબનપુત્રા સર્વે હોદેદારો, સર્વે ટ્રસ્ટીગણ યુવક મંડળ, મહિલા મંડળ તેમજ સહિયર ગ્રુપ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પ નો પ્રારંભ કરવામાં આવેલ જેમાં ૨૮૮ દર્દીઓ એ લાભ લીધેલ જેમાં આરોગ્ય સમિતિ ના ચેરમેન ડૉક્ટર અશોકભાઈ ઠક્કર તથા તેમની ટીમ ના ડૉક્ટર નૈતિકભાઈ મજેઠીયા, ડૉક્ટર જીમિતભાઈ મીરાણી, ડૉક્ટર મિલિન્દભાઈ ઠક્કર, ડૉક્ટર સપનાબેન ઠક્કર, ડૉક્ટર રોહિતભાઈ ઠક્કર, ડૉક્ટર નયનભાઈ ઠક્કર, ડૉક્ટર પાર્થભાઈ ઠક્કર, ડૉક્ટર મીનાક્ષીબેન ઠક્કર, ડૉક્ટર કવિતાબેન ઠક્કર, ડૉક્ટર શ્રુતિબેન ઠક્કર, ડૉક્ટર ભક્તિબેન ઠક્કર, ડૉક્ટર મયુરભાઈ પુજારા, ડૉક્ટર હેમાલીબેન ઠક્કર, ડૉક્ટર દીપભાઈ ઠક્કર, ડૉક્ટર ઋષિકેશભાઈ ઠક્કર તેમજ ડૉક્ટર ધ્વનીબેન ઠક્કર વગેરે એ સેવા આપી હતી તથા પ્રાથમિક કક્ષા ના બોડી ચેક અપ બ્લડ રિપોર્ટ (જેમાં ડાયાબિટીસ, હિમોગ્લોબીન, બ્લડ પ્રેસર જેવા રિપોર્ટ સમાજ ના લોકો ને તદ્દન ફ્રી માં કરી આપવામ આવેલ બ્લડ રિપોર્ટ માં (CBC, Creat, SGPT, RBS, TSH, Urine routine) અને યુરિન ના રિપોર્ટ જેના દાતા શ્રી પરષોત્તમદાસ જેરામદાસ આથા પરિવાર તરફથી ફ્રી કરી આપવામાં આવેલ તેમજ બૉન ડેન્સિટી ટેસ્ટ (હાડકા માં કૅલ્શિયમ) ની તપાસ પણ ફ્રી કરી આપવામાં આવેલ તેબાદ મહાજન ના સર્વે ટ્રસ્ટી શ્રીઓ તથા હોદેદારો તરફ થી સર્વે ડોકટરો નું સન્માન કરવામાં આવેલ તેમજ સર્વે દર્દીઓ ને શ્રી ગાંધીધામ લોહાણા મહિલા મંડળ અને સહિયર ગ્રુપ દ્વારા દવાઓ પણ ફ્રી માં ઉપલબ્ધ કરવામાં આવેલ કાર્યક્રમ ને સફલ બનાવવા માટે ઉપપ્રમુખ શ્રી પ્રવીણ ભાઈ હલાણી, મંત્રી શ્રી પ્રવીણભાઈ પી મીરાણી ખજાનચી શ્રી જીગ્નેશ મનુભાઈ ગોકલાણી (ઠક્કર) તેમજ ઑડીટર શ્રી સમીરભાઈ ગણાત્રા એ જહેમત ઉઠાવેલ એમ મહાજન માં મંત્રી શ્રી પરેશભાઈ ડી આથા ની યાદી જણાવેલ છે

રાજ્યના નાગરિકોને ચક્ષુદાન પ્રત્યે જાગૃત તેમજ પ્રોત્સાહિત કરવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

૩૯માં ચક્ષુદાન પખવાડિયા' અંતર્ગત અમદાવાદ ખાતે અંદાજે ૫૦૦થી વધુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, નર્સિંગ સ્ટાફ તેમજ ડોકટરોએ જાગૃતતા રેલીનું આયોજન કર્યું

કમલમ્ ન્યુઝ,

દેશભરમાં ૩૯માં ચક્ષુદાન પખવાડિયાની ઉજવણીનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ થયું છે. જેના ભાગરૂપે રાજ્યમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોને ચક્ષુદાન પ્રત્યે જાગૃત તેમજ પ્રોત્સાહિત કરવા અનેકવિધ કાર્યક્રમો ઉજવવામાં આવી રહ્યા છે. રાજ્યના તમામ નાગરિકોને પણ કેન્દ્ર અને રાજ્ય સરકારની આ નેમ સાથે જોડાઈ 'ચક્ષુદાન' પ્રત્યેની ખોટી માન્યતાઓને જડમૂળથી જ ખત્મ કરવાનું છે. જ્યારે, સરકારના પ્રયાસમાં સમાજનો પ્રયાસ ભળે છે, ત્યારે વિકાસની ગતિ બમણી થઈ જાય છે, આ પખવાડિયાના કાર્યક્રમ એનું ઉત્તમ ઉદાહરણ છે.

૩૯માં ચક્ષુદાન પખવાડિયા અંતર્ગત થતા કાર્યક્રમ:

૩૯માં ચક્ષુદાન પખવાડિયા અંતર્ગત રાજ્ય સરકાર હેઠળની એમ. એન્ડ જે. ઈન્સ્ટીટ્યુટ ઑફ ઑપ્થેલમોલોજી અમદાવાદ દ્વારા જાગૃતતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નર્સિંગ સ્ટાફ, રેસીડેન્ટ ડોક્ટર, સામાજિક કાર્યકર તેમજ 'ઓર્ગન ડોનેશન ચેમ્પિયન' તરીકે પ્રખ્યાત ડૉ. રાકેશ જોશી સહિત અંદાજે ૫૦૦થી વધુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલી ફોરમ પ્રાથમિક શાળા જહાંગીર પુરા સર્કલથી શરૂ થઈ હતી. જે સિવિલ હોસ્પિટલ, અસારવા સર્કલ, એમ. એન્ડ જે. આંખની સરકારી હોસ્પિટલ થઈ તેના પ્રારંભ સ્થળે સમાપ્ત કરવામાં આવી હતી. આ સમગ્ર રેલી દરમિયાન વચ્ચે આવતા આસપાસના નાગરિકો તેમજ દુકાનોમાં 'ચક્ષુદાન' કરવા પ્રત્યે માહિતી આપી સાથે જ, તેમણે પેમ્પલેટ અને પોસ્ટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદના વિવિધ સ્થળો જેમ કે, સાબરમતી અને સેંટ ઝેવીયસ ચર્ચ, લો, પરીમલ તેમજ વિક્ટોરીયા ગાર્ડન ખાતે ઑપ્થેલ્મોલોજીનાં રેસિડેન્ટ ડૉક્ટર દ્વારા ચક્ષુદાન માટે જાગૃત કરતા અને માહિતી આપતા પોસ્ટર અને પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સાથે જ, વિદ્યાર્થીઓને ખોટી માન્યતાઓ પ્રત્યે વધુ જાગૃત કરવા આગામી સમયમાં પરસ્પર સંવાદ પણ યોજવવામાં આવશે.

અમદાવાદમાં તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, વર્ષ ૨૦૨૪ માટે પસંદગી પામેલાં સુશ્રી કાજલબહેન સેવક

ડિજિટલ ટેક્નોલોજી, ઇનોવેટિવ લર્નિંગ મટીરિયલ ડેવલપમેન્ટ, સામાજિક વિજ્ઞાન વિષયને લગતી ઇન્ડોર બ્લોકસ ગેમનું સર્જન જેવી નવીનતાસભર પ્રવૃત્તિઓ દ્વારા વર્ગખંડને જીવંત બનાવતા શિક્ષક સુશ્રી કાજલબહેન સેવક

ઉત્તમ શૈક્ષણિક કાર્ય, નાવિન્યપૂર્ણ પ્રયોગો અને શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે પ્રતિભાશાળી શિક્ષક બનેલાં સુશ્રી કાજલબહેન સેવક

કમલમ્ ન્યુઝ,

૫ સપ્ટેમ્બર એટલે રાષ્ટ્રીય શિક્ષક દિવસ. જીવનમાં જ્ઞાનનો દિવો પ્રગટાવતા શિક્ષક વિદ્યાર્થીઓના જીવનને એક દિશા આપે છે. વિદ્યાર્થીઓના ભણતરનો પાયો જ શિક્ષક નાખે છે! શિક્ષક દિવસ એટલે એ બધા શિક્ષકોના મહત્ત્વને યાદ કરવાનો દિવસ. 'ટકાઉ ભવિષ્ય માટે શિક્ષકોને સશક્તિકરણ' થીમ સાથે વર્ષ ૨૦૨૪માં ઊજવવામાં આવી રહેલા રાષ્ટ્રીય શિક્ષક દિવસ નિમિત્તો શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવી રહ્યા છે ત્યારે સુશ્રી કાજલબહેન સેવક અમદાવાદમાં તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, વર્ષ ૨૦૨૪ માટે પસંદગી પામ્યાં છે. સુશ્રી કાજલબહેન સેવક વર્ષ ૨૦૦૫થી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ફરજ બજાવે છે અને હાલમાં બહેરામપુરા ગુજરાતી શાળા નંબર ૧૩ ખાતે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકેની ફરજ બજાવે છે. તેઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં નિપુણ છે અને તેઓ ખૂબ જ નિષ્ઠાથી પોતાની ફરજ બજાવે છે. વિદ્યાર્થીઓના મનમાં વિષયનો સાર ઊતરી જાય તે વાતે મના પ્રયત્નો રહે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, નાવિન્યપૂર્ણ પ્રયોગો અને શાળાકીય સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં મારા યોગદાન બદલ શિક્ષણ વિભાગ ગુજરાત તરફથી તેમને પ્રતિભાશાળી શિક્ષકનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. એક પ્રતિભાશાળી શિક્ષક તરીકે તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિલક્ષી, રસપ્રદ અને આનંદદાયી શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે. આ માટે તેઓ ડિજિટલ ટેક્નોલોજીની મદદથી જી-શાલા અને દિક્ષા એપ્લિકેશનનો વર્ગખંડમાં મહત્તમ ઉપયોગ કરે છે. વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરે તે માટે સતત માર્ગદર્શન સાથે વર્ગખંડમાં પ્રોજેક્ટ પદ્ધતિના અમલીકરણ દ્વારા વિષયને લગતું વિસ્તૃત જ્ઞાન તેઓ આપે છે. શૈક્ષણિક મુલાકાત, જૂથ કાર્ય, ટીચિંગ લર્નિંગ મટીરિયલનો મહત્તમ ઉપયોગ અને ઇનોવેટિવ લર્નિંગ મટીરિયલ ડેવલોપમેન્ટ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. સુશ્રી કાજલબહેન વર્ગકાર્યને જીવંત અને રસપ્રદ બનાવી વિદ્યાર્થીઓ વર્ગકાર્યની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈને વિષય શિક્ષણને વધુ સારી રીતે સમજી શકે તે માટે પ્રયત્નશીલ રહે છે. તેમણે એક ભારત, શ્રેષ્ઠ ભારત અન્વયે ઈનોવેટિવ પાડાગોજી ટીચિંગ મેથડની ટોય બેઇઝડ લર્નિંગ અને એક્ટિવિટી બેઈઝડ લર્નિંગ પેડાગોજી માટે સામાજિક વિજ્ઞાન વિષયને લગતી ઈન્ડોર બ્લોકસ ગેમનું સર્જન કરેલ છે, જેનો ઈન્ડોર ગેમસ્વરૂપે ઉપયોગ કરી વિદ્યાર્થીઓ રમત ગમતના માધ્યમથી વિષય શિક્ષણ મેળવી શકે છે.

વિદ્યાર્થીઓ સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરી જેવા વિષય પર વધુ રસ લેતા થાય, તેમનું શૈક્ષણિક વિષયને લગતું સામાન્ય જ્ઞાન વિસ્તૃત થાય, NMMS, જ્ઞાન સાધના અને જ્ઞાન સેતુ જેવી રાજ્ય કક્ષાની પરીક્ષાઓમાં તેઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે તે માટે શાળા કક્ષાએ રિસર્ચ વર્ક કરી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ ખાતે જિલ્લા કક્ષાનું એક્શન રિસર્ચ વર્ષ ૨૦૨૩માં શ્રી કાજલબહેને રજૂ કર્યું હતું. તેઓ વર્ષ ૨૦૨૧થી સામાજિક વિજ્ઞાન વિષયના (સ્ટેટ રિસોર્સ ગ્રુપ) એસ.આર.જી. તરીકે તેઓ કાર્યરત છે અને GCERT, ગાંધીનગર ખાતે સામાજિક વિજ્ઞાન વિષયના ઈનોવેશન અને રિસર્ચનું પણ કામ કરે છે. તેમની આ કામગીરીના ભાગરૂપે તેમણે દિક્ષા એપ પર ઈ-કન્ટેન્ટ ડેવલપમેન્ટ, વિડિયો ડેવલપમેન્ટ, ધોરણ ૬થી ૮ની સામાજિક વિજ્ઞાન વિષયની સ્વઅધ્યયન પોથી લેખન અને સમીક્ષા કાર્ય, હાઈ ઑર્ડર થિંકિંગ પ્રશ્નબેંકનું ડેવલપમેન્ટ અને રાજ્યકક્ષાએ લેવાતી એકમ કસોટી માટે પ્રશ્નબેંક નિર્માણ જેવા રાજ્ય કક્ષાના વિવિધ શૈક્ષણિક વર્કશોપ અને તાલીમમાં પણ તેઓ સહભાગી થયા છે. પ્રતિભાશાળી ગુણો અને કૌશલ્ય ધરાવતાં શિક્ષિકા શ્રીમતી કાજલબહેન તેમની શિક્ષકની કારકિર્દી દરમિયાન શૈક્ષણિક અને સહ અભ્યાસિક કામગીરીને વધુને વધુ ઉત્કૃષ્ટ બનાવવા અને વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ ભાથું પીરસવા ઉત્સાહિત છે.

દસ્ક્રોઈ તાલુકાના મિરોલી પે સેન્ટર શાળાના મુખ્ય શિક્ષિકાશ્રી આરતી શર્માએ વિદ્યાર્થીઓના અરમાનો પૂરા કર્યા

સરકારી શાળાની પરિભાષા બદલવાના ધ્યેય સાથે શાળામાં સ્માર્ટ ક્લાસ, અદ્યતન લાયબ્રેરી અને બાળકોને એક્સપોઝર મળે તેના માટે અનેકવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છેઃ મુખ્ય શિક્ષિકાશ્રી આરતી શર્મા

મિરોલી પે સેન્ટર શાળાના બહુપ્રતિભાશાળી મુખ્ય શિક્ષિકાશ્રી આરતી શર્માની જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે પસંદગી

કમલમ્ ન્યુઝ,

આચાર્યચાણક્યે કહ્યુંછે કે, "શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં પહલતે હૈ..... એ પંક્તિને સાચા અર્થમાં સાકાર કરી છે અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાની મિરોલી પે સેન્ટર શાળાના મુખ્ય શિક્ષિકાશ્રી આરતીશર્માએ. તેમની વિશિષ્ટ કામગીરીની નોંધ લઈને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે તેમની પસંદગી કરવામાંઆવી છે. તેમના શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના કાર્યોથી અનેક વિદ્યાર્થીઓના અરમાનો પૂરા થયાછે. મિરોલી પે સેન્ટર શાળાના બહુપ્રતિભાશાળી મુખ્ય શિક્ષિકાશ્રી આરતી વલ્લભદાસ શર્માએ તારીખ ૦૯/૧૧/૧૯૯૮નારોજ વિદ્યાસહાયક તરીકે ઈન્દ્રાણ પ્રાથમિક શાળા, તા. બાયડ ખાતેથી શૈક્ષણિક ક્ષેત્રમાં પદાર્પણ કર્યું હતું. આ શાળામાં એ સમયે સાક્ષારતા દર ૩૫% થી પણ ઓછો હતો અને વાલીઓ દીકરીઓને શાળામાં મોકલતા નહોતા. પરંતુ સ્ટાફના તમામ મિત્રોના સહયોગથીકન્યા કેળવણી માટે તેમણે સઘન પ્રયત્નો શરૂ કર્યા અને ૧૦૦% નામાંકન કરવામાં સફળતા મેળવી. એના માટે શાળાના સમય પહેલાં સમયદાન આપી વધારાના વર્ગો શરૂ કર્યા. તેમણે ૨૦૦૬માં અરસ-પરસ જિલ્લા ફેર બદલીથી હાજર થયા પછી અનેક સરકારી કાર્યક્રમોમાં ઉત્તમ સેવાઓ આપી, જેનો સીધો લાભ શાળા અને વિદ્યાર્થીઓને થયો. વર્ષ-૨૦૧૨માં સનાથલ પ્રાથમિક શાળામાં એક શિક્ષક તરીકે તેમણે કરેલીશ્રેષ્ઠ કામગીરીને પરિણામેસ્કૂલમાં લેન્સકંપની દ્વારા ખૂબજ પ્રારંભિક સમયમાંઅદ્યતન સ્માર્ટ ક્લાસ શરૂકરાવવામાં આવ્યા અને તેમના પ્રયાસ થકીશાળાને નવું બિલ્ડિંગ પણમળ્યું હતું.

આચાર્યબન્યાપછી તેમના શિક્ષણકાર્યને બમણોવેગ મળ્યો

આ હતી તેમની શિક્ષિકા તરીકે બાળકોને ભણાવવાની જવાબદારી પરંતુ આચાર્ય બન્યા પછીતેમના શિક્ષણ કાર્યને બમણો વેગ મળ્યો. વર્ષ-૨૦૧૮માં મુખ્ય શિક્ષક તરીકે મિરોલી પે સેન્ટર શાળામાં નિયુક્તિ થતાં શ્રી આરતી શર્માએ ચોક્કસ નિર્ધાર સાથે અને અનેક સપનાઓ સાથે શાળાના આચાર્ય તરીકે નવી સફરની શરૂઆત કરી. તેઓ સરકારી શાળાની પરિભાષા બદલવાના ચોક્કસ ધ્યેય સાથે આગળ વધી રહ્યાં છે. તેમની પે સેન્ટર શાળામાં સ્માર્ટ ક્લાસ, અદ્યતન લાયબ્રેરી અને બાળકોને એક્સપોઝર મળે તે માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેછે. તેમણે બાળક, શિક્ષક અને વાલીના સહકારથી અનોખા બાળ મેળાનું આયોજન કર્યું હતું.

સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી બાળકોને ત્રણવાર હવાઈ મુસાફરી કરાવી

બાળકો જુદાજુદા સ્થળોએ જઈને નવીદુનિયા જોવે, નવું કંઈક શીખે એના માટે સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આ શાળાના બાળકોને ત્રણવાર હવાઈ મુસાફરી કરાવવામાં આવી છે. શાળામાં કન્યા શસક્તિકરણ માટે સ્ટાફ અને એસ.એમ.સી.ના સહકારથી કરાટે ક્લાસ પણ શરૂ કરવામાં આવ્યા છે. કન્યાઓને માસિક ધર્મ વિષે જાગૃતિ મળે તે માટે એક્ષપર્ટ પાસે માર્ગદર્શન, સેનેટરી નેપકીનની વ્યવસ્થા કરવામાં આવી છે. તેની સીધી અસર કન્યાઓની હાજરી પર પડી છે અને શાળામાં કન્યાઓની હાજરીમાંઅસરકારક સુધારો જોવા મળ્યો છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્ષ-૨૦૧૬માં સ્વચ્છતા સંદેશ વાહક તરીકે કલેક્ટર કચેરી, જિલ્લાવિકાસ કાર્યાલય અને ગ્રામ વિકાસ એજન્સી સાથે જોડાઈને અનેક સ્વચ્છતા ગીતોની સી.ડી. નિર્માણ, સ્વચ્છતા કથા અને ડોક્યુમેન્ટરી મેકિંગમાં પણ તેમણે ઉત્તમ કાર્ય કર્યું છે. જેના પરિણામ સ્વરૂપે શાળાના વિદ્યાર્થીઓએ સ્વચ્છતાના ગુણો સહજ રીતે સ્વીકાર્યા છે અને શાળાને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવી છે.

બાળકોને એક્સપોઝર મળી રહે તે માટે સમાજના સહકારથી વિવિધ સંસ્થાઓની મુલાકાત કરાવવી

બાળકોનેનિયમિત બહારનું એક્સપોઝર મળી રહે તે માટે સમાજના સહકારથી અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન, ઈસરો, સાયન્સ સીટી, વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, ખોજ મ્યુઝિયમ, ગ્રામ ભારતી, બૉટનિકલ ગાર્ડન ચાંદખેડા, સ્ટેચ્યુ ઓફ યુનિટીના શૈક્ષણિક પ્રવાસો, હવાઈ માર્ગે મુસાફરી સહિત નેશનલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, નેશનલ બૂક ફેસ્ટીવલ, નિરમા યુનિવર્સિટી, સત્યમેવ જયતે અંગ્રેજી શાળાની મુલાકાતો કરાવવામાંઆવી છે.

જમાના પ્રમાણે શાળા ટેક્નોલોજીમાંપણ અગ્રેસર

આજના જમાના પ્રમાણે શાળા ટેકનોલોજીમાં પણ અગ્રેસર રહે તે માટે શાળાના આચાર્ય દ્વારા પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેના માટે YUVA UNSTOPABLE, એમેઝોન કેર્સ અને અવસ્થ વિદ્યા સંસ્થાનના સહકારથી અદ્યતન સ્માર્ટ ક્લાસ અને BYJUS TABLET શાળામાં મેળવી અનલિમિટેડ ઈન્ટરનેટ સાથેબાળકોની ટેકનિકલ સ્કિલ વિકસિત કરવા અવિરત પ્રયાસો તેમના દ્વારા ચાલુ કરાયા છે. શાળામાં સોલર પેનલ સંચાલિત સ્માર્ટ ક્લાસ છે અને ૬ જ્ઞાનકુંજ વર્ગો સરકારશ્રી દ્વારામળેલ છે.

પ્રતિભાશાળી બાળકો માટે વિશેષ પ્રયાસ

પ્રતિભાશાળી બાળકો માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવે અને ડ્રોપ આઉટ રેટ ઘટે તે માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી એન.એમ.એમ.એસ. જેવી પરીક્ષામાં વર્ષ-૨૦૧૭માં રાજ્ય કક્ષાએ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ મેરીટમાં આવેલાછે અને કુલ ૧૩ બાળકો તેમજ વર્ષ-૨૦૧૮માં ૦૩ બાળકો, ૨૦૧૯માં ૧૭ બાળકો અને વર્ષ -૨૦૨૨માં ૧ બાળક મેરિટમાંઆવેલ છે. અન્ય બાળકો જે મેરિટમાં નથી આવ્યા અને જેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી, તેવા બાળકોના અભ્યાસનો તમામ ખર્ચ સંવેદના, યુવા અનસ્ટોપેબલ, માસ ફાઈનાન્સ જેવી સંસ્થાઓ ઉઠાવે તેવા સફળ પ્રયત્નો કર્યા છે. આમ, શિક્ષક ધારે તો સમાજ ઘડતર માટે કેવા સારા પરિણામ મળી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ શ્રી આરતીશર્મા છે.

શિક્ષકો સમર્પણભાવથી પ્રામાણિકતાપૂર્વક કર્તવ્યપાલન કરે તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે: રાજ્યપાલશ્રી

શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત

શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર તેમજ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાની વિશેષ ઉપસ્થિતિ

શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો નથી, તેની અંદરનું શિક્ષકત્વ સતત જાગૃત રહે છે : શ્રી ભૂપેન્દ્ર પટેલ

પ્રાચીન વિદ્યાપીઠોની વિરાસત તથા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ- ગૂગલ જેવા આધુનિક આયામોના સમન્વયથી 'વિરાસત ભી, વિકાસ ભી'ના વડાપ્રધાનશ્રીના મંત્રને ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે સાકાર કર્યો છે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના ૨૮ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ

કમલમ્ ન્યુઝ,

એકશિક્ષક સમર્પણભાવથી, પ્રામાણિકતાપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરે, તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરતાં કહ્યું હતું કે શિક્ષકની શક્તિ અપરંપાર છે. શિક્ષણથીમોટું પવિત્ર કર્મ બીજું કોઈ નથી. આ સૃષ્ટિમાં શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક રાષ્ટ્રનિર્માતા, સમાજ નિર્માતા અને પરિવાર નિર્માતા છે. સુખ અને શાંતિનો આધાર શિક્ષક છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ટાગોર હૉલ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ભવ્ય સમારોહમાં રાજ્યના ૨૮ શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થીસન્માન કર્યું હતું. તદુપરાંત, મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા ૧૦ લાભાર્થી વિદ્યાર્થીઓને પણ પ્રતીકાત્મકરૂપેપ્રમાણપત્રો એનાયત કરવામાંઆવ્યાં હતાં. આ અવસરે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ૩૫ વર્ષ સુધી ગુરુકુલના આચાર્ય તરીકે વિદ્યાર્થીઓને શિક્ષણ, સંસ્કાર અને સ્વાસ્થ્યની શિક્ષા આપનાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના પુસ્તક 'કેળવે તે કેળવણી'માં લખ્યું છે કે, જો શિક્ષક પોતાના કર્તવ્યનું યોગ્યતાપૂર્વક પાલન ન કરે તો તે પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે ઘાતકપૂરવાર થાય. તેમણે શિક્ષકોને માત્ર પરિચયાત્મક જ્ઞાનને બદલે આચરણમાં-અનુસરણમાં આવી શકે એવુંજ્ઞાન આપવાનો અનુરોધ કરતાં કહ્યું કે, અહિંસા અને સત્ય જેવા સદ્દગુણોનું જ્ઞાન એ રીતે અપાય કે તે જીવનનું અભિન્ન અંગ બને, આભૂષણ બને. મહર્ષિ ઉદ્દાલકઅને રાજા અશ્વપતિ કૈકેયના પ્રસંગનું ઉદાહરણ આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યુંકે શિક્ષકો-આચાર્યો-ગુરુજનોના પ્રતાપેરાજા કૈકેયના રાજ્યમાં એક પણ ચોર, વ્યસની, અભણ, દુરાચારી કે કંજૂસ વ્યક્તિ ન હતી. એક પણ ઘર એવું ન હતું, જ્યાં સવાર-સાંજ હોમહવન ન થતા હોય. શિક્ષકો રાજ્યમાં આવી સ્થિતિનું નિર્માણ કરવાની સમર્થતા ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું કે નાનામાં નાનું બાળક પણ બધું જ સમજેછે. તેનીસમજણશક્તિ અને ગ્રહણશક્તિ અમાપ છે. હવનના સમિધ જેવાં પ્રગટવા માટે તત્પર બાળકોને વિદ્યાપુંજ જેવા અગ્નિસ્વરૂપ આચાર્ય-ગુરુજન પ્રજ્વલિત કરે, તેમના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે. અધ્યાપકો પર મોટી જવાબદારી છે. પ્રધાનમંત્રી 'આત્મનિર્ભર' અને 'વિકસિત ભારત'ના નિર્માણ માટે પ્રયત્નશીલ છે ત્યારે શિક્ષકો પણ શ્રેષ્ઠ માનવ નિર્માણના મિશનમાં લાગીજાય તો આપણે 'વિશ્વગુરુ ભારત' બનાવી શકીશું એમ કહીને રાજ્યપાલશ્રીએ શ્રેષ્ઠ શિક્ષકોનેઅભિનંદન પઠવ્યા હતા.

-:મુખ્યમંત્રીશ્રી :-

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટેની પેઢીનું ઘડતર કરી રહેલા શિક્ષકોની કાર્યનિષ્ઠાની સરાહના શિક્ષક સન્માનના આ અવસરે કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૧મી સદી જ્ઞાનની સદીછે અનેતેનું નેતૃત્વભારત કરશે તેવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કરેલા વિશ્વાસને ચરિતાર્થ કરવાનું દાયિત્વ શિક્ષકો નિભાવી રહ્યાછે તેનું વિશેષ ગૌરવ આ પ્રસંગેકર્યું હતું. ''સામર્થ્યવાન ગુરુ, જ્ઞાન અને શિક્ષા-દીક્ષાથી વિદ્યાર્થીને તેજોમય બનાવીને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવીશકે છે'' તેમ જણાવતામુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે શિક્ષક સાથે બાળક પોતાનો મોટાભાગનો સમય વિતાવે છે ત્યારે બાળકની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવીએ શિક્ષકોનું દાયિત્વ બને છે. એટલું જ નહીં, બાળકની જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાન-કુતૂહલને સંતોષવા માટે સમયાનુકૂળ વ્યવસ્થાસાથે પોતાને પણ અપડેટ-સજ્જ રાખવાની જવાબદારી શિક્ષકોની છે તેમ શ્રીભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. ''શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો નથી, તેની અંદરનું શિક્ષકત્વ સતતજાગૃતરહે છે'' તેમ તેમણે શિક્ષક સમુદાયની સુદીર્ઘ સેવાપરાયણતાનેપ્રોત્સાહિત કરતાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આપણી પ્રાચીન વલ્લભી, તક્ષશિલા, નાલંદા જેવી પ્રાચીન વિદ્યાપીઠોની વિરાસત તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ગુગલ જેવા આધુનિક આયામોના સમન્વયથી 'વિરાસત ભી, વિકાસભી'ના વડાપ્રધાનશ્રીના મંત્રને સાકાર કરવામાં ગુજરાતની અગ્રેસરતાની ભૂમિકાઆપી હતી. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વિદ્યાર્થીનો શિક્ષણ અને શિક્ષક પ્રત્યેનો આદર, શિક્ષકનું સમર્પણ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે પોતીકાપણા-અપનાપનની ત્રિવેણીથી ગુજરાતે જ્ઞાન-કૌશલ્ય, શિક્ષા-દીક્ષા ક્ષેત્રને નવી ઊંચાઈઓ આપી છે. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં ઘડાયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ને ઉજ્જ્વળ અને વિકસિત ભારતના નિર્માણમાં ઉદ્દીપક ગણાવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે શિક્ષણની દિશા બદલવાના જે અભિયાનો વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ચલાવ્યા છે, તેમાં કન્યા કેળવણી અભિયાન, શાળા પ્રવેશોત્સવ, મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ, ટીચર્સ યુનિવર્સિટી વગેરેની સફળતામાં શિક્ષક સમુદાયના મહત્ત્વપૂર્ણ યોગદાનને બિરદાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સમાજ જીવનમાં મૂલ્યનિષ્ઠ ઘડતરનું અને રાષ્ટ્રનિર્માણનું ઉમદા કાર્ય શિક્ષકોના વ્યવસાય-પ્રોફેશનમાં છે તેને ગુરુવર્યો સુપેરે નિભાવશે તેવો વિશ્વાસ એવોર્ડ વિજેતા અને સૌ શિક્ષક સમુદાયને અભિનંદન પાઠવતાં વ્યક્ત કર્યો હતો.

-:શિક્ષણમંત્રીશ્રી :-

શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે સરસ્વતીના સાધક એવા રાજ્યનાશ્રેષ્ઠ શિક્ષકોને આવકારતાં કહ્યું હતું કે શિક્ષક સમાજની શ્રેષ્ઠ મૂડી છે. જેમની યાદમાં સમગ્ર દેશ આજે શિક્ષક દિવસ ઉજવે છે તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ બન્યાતે પહેલાંએક શિક્ષક જ હતા. શિક્ષકમાંશિક્ષણને ઉજાગર કરવાનું સામર્થ્ય હોય છે. તેમણે જણાવ્યું કે શિક્ષક એ શિક્ષણનીસાથે બાળકોને નૈતિક મૂલ્યોનું શિક્ષણ આપી ઉત્તમ નાગરિકનું પણ ઘડતર કરે છે. સમાજઅને રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષક અને શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. આમાટે તેમણે કહ્યું કે આપણા રાજ્યપાલ જ્ઞાનમૂર્તિના શ્રેષ્ઠ શિક્ષકનું ઉદાહરણ છે. જેમનાજ્ઞાનનો લાભ રાજ્યને મળી રહ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે સંકલ્પથી સિદ્ધિ થકી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલ ભારતને વિશ્વગુરુ બનાવવા સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ તેમ તેમણે ઉમેર્યું હતું. આજે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત કરનારા રાજ્યસ્તરે ૨૮, જિલ્લા કક્ષાએ ૯૬ અને તાલુકા કક્ષાએ ૧૮૪ સહિત તમામ શિક્ષકો તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા ૧૦ લાભાર્થી વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથીશિક્ષણ મંત્રીશ્રીએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે શિક્ષણ વિભાગ દ્વારા 'વિકાસ ગાથા' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા,અમદાવાદમહાનગરપાલિકાના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, ધારાસભ્યશ્રીદિનેશભાઈ કુશવાહ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રીમતી કંચનબેન રાદડીયા, ડેપ્યુટી મેયર શ્રીજતીનભાઈ પટેલ, સ્ટે. કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી મુકેશ કુમાર, શિક્ષણ નિયામકશ્રી એમ.આઈ. જોષી, અમદાવાદ જિલ્લાવિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, ગુજરાતવિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ-પદાધિકારીઓ તથા બહોળી સંખ્યામાં શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આહવા ખાતે યોજાયો 'શિક્ષક દિન' : શ્રેષ્ઠશિક્ષકો તથા તેજસ્વી વિદ્યાર્થીઓનુ કરાયુ બહુમાન

કમલમ્ ન્યુઝ,આહવા

દરેક વ્યક્તિની સફળતા પાછળ એક શિક્ષકનો બહુમૂલ્ય ફાળો હોય છે તેમ જણાવતા, ડાંગના ધારાસભ્ય-વ-વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે, ગુરૂજનોને વંદન કરીને શિક્ષક દિન'ની ઉજવણીનો ઉદ્દેશ સ્પસ્ટ કર્યો હતો. ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન કવનનો ઉલ્લેખ કરીને, એક શિક્ષકની ભૂમિકાને ગૌરવ બક્ષતા તેમના કાર્યોમાંથી પ્રેરણા લેવાની અપીલ કરતા શ્રી પટેલે, 'શિક્ષક' અને 'સડક' મુસાફરને તેની મંઝિલ સુધી પહોંચાડવાનું કામકરે છે તેમ જણાવ્યું હતું.શ્રીવિજયભાઈ પટેલે, જીવનને સાચા માર્ગે વાળવામાં શિક્ષકોનો ફાળો ખૂબ જ મોટો છે તેમ કહ્યુ હતું. ડાંગ જિલ્લાના 'શિક્ષક દિવસ' ઉજવણી કાર્યક્રમમાં જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોતથા તેજસ્વી વિદ્યાર્થીઓનુ બહુમાન કર્યા બાદ પોતાના અધ્યક્ષીય વક્તવ્યમા નાયબ મુખ્ય દંડકશ્રીએ, શિક્ષકોનું ઋણ ક્યારેય ચૂકવી શકાતું નથી તેમજણાવી, બાળકનાસ્વપ્નને પાંખો પ્રદાન કરીને તેને તેની મંઝિલ સુધી પહોચાડવામાં શિક્ષકોનો સિંહફાળોહોય છે તેમજણાવ્યુ હતું. સન્માનપાત્ર શિક્ષકોને અભિનંદન પાઠવતા ધારાસભ્યશ્રીએ, ડાંગના બાળકોને ઉત્તમ શિક્ષણ આપનારા શિક્ષકોની કર્તવ્ય ભાવનાને પણ આ વેળા બિરદાવી હતી. ઉત્તરોત્તર જિલ્લાના પરિણામોમા આવી રહેલો સુધારો, એ શિક્ષણ ક્ષેત્રે આવેલાબદલાવનું પરિણામછે તેમ જણાવતા શ્રી પટેલે શિક્ષણ વિભાગ, સિક્ષક સંઘ, અને જિલ્લા વહીવટી તંત્રના સહિયારા પ્રયાસોથી, શિક્ષણ ક્ષેત્રનાસર્વાંગીણ વિકાસની નેમ વ્યક્ત કરી હતી. ધારાસભ્યશ્રીએ, રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષિકા શ્રીમતિ બીજુબાલા પટેલની સફળતાની પણ સરાહના કરી હતી. સમાજને પ્રેરણા પૂરી પાડતા શિક્ષકોને શિસ્ત અને ચારિત્ર્ય બાબતે સતત સજાગતા રાખવા સાથેસમાજને પ્રેરણાપૂરી પાડવાની હિમાયતકરી હતી. દરમિયાન દેશ સમસ્તમાં શરૂ થયેલા 'જળસંચય જન ભાગીદારી અભિયાન' નો ખ્યાલ આપી, શાળા કક્ષાએ પણ, જળ સંચયના કામોને પ્રાધાન્ય આપવાની હાંકલ શ્રી વિજયભાઈ પટેલે આપેળા કરીહતી. સન્માનિત શિક્ષકોને તેમની સિદ્ધિ બદલ શુભકામનાઓ પાઠવતા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નિર્મળાબેન ગાઈને શિક્ષકોનુ માહાત્મ્ય સ્પસ્ટ કરતા, આ ગૌરવરૂપ ક્ષણના સાક્ષી બનવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસને યાદગાર બનાવતા ''શિક્ષક દિન''ની ભૂમિકા સ્પસ્ટ કરતા, ડાંગ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતિ બીબીબેન ચૌધરીએ, સૌને શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી હતી. 'માસ્તર' એટલે 'મા' ના 'સ્તર' ની પૂજનીય વ્યક્તિ એવી યથાર્થ અભિવ્યક્તિ કરતા, ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે, તાલુકા/જિલ્લા અને રાજ્ય પરિતોષિક બાદ, હવે રાષ્ટ્રીય કક્ષાએ પણ શિક્ષણ ક્ષેત્રે ડાંગનું નામ રોશન થાય, તેવા સામૂહિક પ્રયાસોની હિમાયત કરી હતી. પોતાના પ્રાસંગિક વક્તવ્યમા સન્માનિત ગુરૂજનો તથા તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા કલેકટર શ્રીએ, સમાજ સમગ્ર શિક્ષકો પ્રતિ ખૂબ જ આશાભરી મીટ માંડીને બેઠો છે. ત્યારે ગુરુવર્ય પણ તેની કસોટીમા ખરા ઉતરે તે જરૂરી છે તેમ જણાવ્યુ હતું. દરમિયાન જિલ્લા કક્ષાના ચાર અનેતાલુકા કક્ષાનાપાંચ ગુરૂજનોનું મહાનુભાવોના હસ્તે અદકેરૂ સન્માન કરાયુ હતુ. ગુરૂજનો ઉપરાંત આહવાના 'શિક્ષક દિન' નિમિતે કોમન એંટ્રન્સ ટેસ્ટમાં પ્રથમ ત્રણ ક્રમે આવનારા વિદ્યાર્થીઓ, મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાના પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનારા વિધાર્થીઓ, ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં ઝોન કક્ષાએ પ્રથમ ક્રમે આવનારા વિધાર્થી, તથા ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા વર્ગ-૩ (નોન ક્લેરિકલ) કર્મચારી મંડળ દ્વારા, જિલ્લાનીસરકારી માધ્યમિક શાળાઓમા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિધાર્થીઓને પુરસ્કૃત કરાયાહતા. આ અવસરે ડાંગ જિલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત જિલ્લાને મળેલા ''રાજ્ય પરિતોષિક'' વિજેતા શિક્ષિકા શ્રીમતિ બીજુબાલા પટેલના યોગદાનની પ્રશંસા કરી, મહાનુભાવોએ તેમની કર્તવ્ય ભાવનાની સરાહના કરી હતી. કાર્યક્રમના ભાગરૂપે શાળાની વિધાર્થીનીઓએ પ્રાર્થના તથા સ્વાગતગીત રજૂ કરી વાતાવરણને સંગીતમય બનાવ્યુંહતું. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જિગ્નેશ ત્રિવેદીએ, મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે કાર્યાન્તે સરકારી માધ્યમિક શાળા-ચિકારના આચાર્ય શ્રી વી.ડી.દેશમુખે આભાર વિધિ આટોપી હતી. ઉદઘોષક તરીકે સર્વશ્રી વિજયભાઈ ખાંભુ, સંદીપ પટેલ, અને અસ્મિતા બારોટે સેવા આપી હતી.

ડાંગ જિલ્લાના 'શિક્ષક દિવસ' કાર્યક્રમમા ગુજરાતશિક્ષણ સેવા(વર્ગ-૨) સંગઠનનાસભ્ય શ્રી પ્રજેશ ટંડેલ, બીનસરકારી માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રમુખ શ્રી ખુશાલભાઈ વસાવા, ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ ગાવિત, મહામંત્રી શ્રી ચિંતન પટેલ, પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘનાં અધ્યક્ષ શ્રી હરેશભાઈ ભોયે, મહામંત્રી શ્રી અનિલભાઈ વાઘ, માજી પ્રમુખ શ્રી મધુભાઈ વળવીસહિત સન્માનપત્ર ગુરૂજનો, તેજસ્વી વિદ્યાર્થીઓ, અને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા સમાજ શ્રેષ્ઠીઓ, મીડિયાકર્મીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના ટાઉનહોલ અન્ના અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભિખુસિંહ પરમારની અધ્યક્ષતામાં શિક્ષક દિન યોજાયો

શિક્ષણ ક્ષેત્રે પોતાની નિષ્ઠા અને દૃષ્ટિથી ઉમદા કામગીરી કરનારા અરવલ્લી જિલ્લાના ત્રણ શિક્ષકોને જિલ્લા કક્ષાનો અને સાત શિક્ષકોને તાલુકા કક્ષાનો 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' એનાયત કરવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,અરવલ્લી

શિક્ષણ એ વિકાસનો પાયો છે અને એ પાયાનો પાયો એટલે શિક્ષક. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો છે, તેને સાકાર કરવામાં દેશના શિક્ષકોની ભૂમિકા પાયા રૂપ બની રહેવાની છે. દેશની આવતી કાલ સમા બાળકોની કારકિર્દી તેમજ જીવન ઘડતરનું કામ શિક્ષકોના હાથમાં રહેલું છે. નિષ્ઠાવાન અને દૃષ્ટિવંત શિક્ષકોના યોગદાનને બિરદાવવા માટે દર વર્ષે શિક્ષકદિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયતકરવામાંઆવે છે.

શિક્ષકદિન નિમિત્તે આ વર્ષે અરવલ્લી જિલ્લાના મળીને કુલ દસ'શ્રેષ્ઠ શિક્ષકો'નુંસન્માન થવાનું છે. શિક્ષણ ક્ષેત્રે પોતાનીનિષ્ઠા અને દૃષ્ટિથી ઉમદા કામગીરી કરનારા અરવલ્લી જિલ્લાના ત્રણ શિક્ષકોને જિલ્લા કક્ષાનો અને સાત શિક્ષકોને તાલુકા કક્ષાનો 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' એનાયત કરાશે. જિલ્લા કક્ષાનો સન્માન સમારંભ મોડાસાના ટાઉનહોલ અન્ના અને નાગરિક પુરવઠામંત્રીશ્રી ભિખુસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજાયો. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પ્રિયં કાબેન ડામોર, કલેક્ટર રશ્રી પ્રશસ્તિ પરીક, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેન કટિયા અને નગરપાલિકા પ્રમુખ નીરજ શેઠની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માનકરવામાં આવ્યું. આ વર્ષેજિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મળવનારા શિક્ષકોમાં બાંઠીવાડા પ્રાથમિક શાળાના શિક્ષક યોગેશકુમાર પંડ્યા, એચ. બી. પટેલ હાઈસ્કુલ સાકરીયાના શિક્ષક મયંકભાઈ ભટ્ટ અને આર. જે.તન્ના પ્રેરણા મંદિર ભિલોડાના શિક્ષક ડો. મહેશભાઈ પટેલને પારિતોષિક એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા. અરવલ્લીમા તાલુકા કક્ષાનો એવોર્ડ મેળવનારા શિક્ષકોની વાત કરીએ તોતેનપુર પ્રાથમિક શાળાના શિક્ષક વિલાસબેન પટેલ,ડેરોલ પ્રાથમિક શાળાના શિક્ષક અશ્વિનભાઈ ગઢ્ઢર, આકલીયા ડબારણ પ્રાથમિક શાળાના શિક્ષક અજયકુમાર શર્મા, કોયલિયા પ્રાથમિક શાળાના શિક્ષક ગાયત્રીબેન ખરાડી, રેલ્લાવાડા પ્રાથમિક શાળાના શિક્ષક હરેશકુમાર પ્રજાપતિ, મોડાસા પ્રાથમિક શાળા ન -૭ ના શિક્ષક મહેરુનીશાબેન મસી અને ઈશ્વરપુરા પ્રાથમિક શાળાના શિક્ષક હંસાબેન પારઘીને તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાંઆવ્યા. આજના કાર્યક્રમમાં સંબોધન કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે આજે તમને પણ તેમના ભૂતકાળમાં ડોકિયું કરી પોતાના શિક્ષકોને યાદ કર્યા છે. બાળકોના મનમાં રહેલી શક્તિને બહારઉજાગર કરવાનુંકાર્ય શિક્ષક કરે છે. બાળકનીપ્રગતિથી શિક્ષકને ગર્વ થાય છે. આજના કાર્યક્રમમાં જ્ઞાન સેતુ, જ્ઞાન સાધના જેવા કાર્યક્રમોમા ઉમદાપ્રદર્શન કરનાર કુલ ૧૫ બાળકોનું પણ સન્માન કરવામાં આવ્યું. શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળનારા શિક્ષકો અને વિદ્યાર્થીઓ અન્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બનીરહેશે. આઉપરાંતજે.બી.શાહ ઈંગ્લીશ મિડિયમ હાઈસ્કુલ અને શેઠશ્રી એમ.આર.શાહ સરસ્વતી વિદ્યાલયને શ્રેષ્ઠ શાળા તરીકે સન્માનિત કરવામાં આવી. આજના કાર્યક્રમમાંજિલ્લાશિક્ષણ અધિકારી ડો.ઉષાબેન ગામિત સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, જિલ્લાના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યા માં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૬મી જન્મજયંતિ વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભા પોડિયમ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન એ દેશના સંવિધાનને કેન્દ્રસ્થાને રાખી દેશને નવી દિશા આપવાનું કામ રાષ્ટ્રપતિના રૂપમાં કર્યું :- વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી



કમલમ્ ન્યુઝ,

ભારતના મહાન તત્વચિંતક તથા ભારતના બીજા રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં સમગ્ર ભારતમાં પાંચમી સપ્ટેમ્બરે 'શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવેછે. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન એ દેશના સંવિધાનને કેન્દ્રસ્થાને રાખી દેશને નવી દિશા આપવાનું કામ રાષ્ટ્રપતિ હતા ત સમયે કર્યું હતું. આજે ગુજરાત વિધાનસભા ખાતેના પોડિયમમાં આજીવન શિક્ષક એવા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૬મી જન્મજયંતિએ તેમના તેલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાસુમન પાઠવ્યા બાદ અધ્યક્ષ શ્રી શંકર ભાઈ ચૌધરીએ જણાવ્યુંહતું કે, તેઓએક મહાન તત્વચિંતક,વિચારક, શિક્ષક તેમજ ભારતીય દર્શનના પ્રણેતા હતા. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ મદ્રાસથી દુર તિરૂત્તાની નામક ગામમાં, એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ પરિવાર માં થયો હતો. રાધાકૃષ્ણન બાળપણથી જ ભણવામાં હોશિયાર હતાં. તેમણે ૧૮ વર્ષની વયે સ્નાતક અને ૨૧ વર્ષની વયે અનુસ્નાતકની પદવી પ્રાપ્તકરી.હતી વધુમાંઅધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, વર્ષ - ૧૯૦૯માં રાધાકૃષ્ણને દર્શન શાસ્ત્રના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. કોલેજની નોકરીની સાથે સાથે તેઓ લેખનકાર્યપણ કરતાહતા કેટલાંક સાંપ્રત સામયિકોમાં તેઓ દર્શનશાસ્ત્ર પર લેખ લખતા હતાં. તેમના સૌથી પહેલા પુસ્તકનું નામ 'ધ ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર' હતું. ૧૯૨૬માં હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે તેમણે ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિલોસોફીમાં તેમણે કોલકાત્તા યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારેતેઓ યુનેસ્કો માટે ભારતની પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. ભારતમાં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં કુલપતિની સેવા આપ્યા બાદ તેઓ આંધ્રપ્રદેશની યુનિવર્સિટીમાં ૬ વર્ષ સુધી વિઝિટિંગ પ્રોફેસર પણ રહ્યા હતા. આ ઉપરાંત શ્રી રાધાકૃષ્ણને ટેમ્પલ્ટન એવર્ડ, ભારતરત્ન, તેમજ અન્ય અનેક એવોર્ડસથીસન્માનિત કરવામાં આવ્યા હતા. અધ્યક્ષશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુંકે, શિક્ષકોએઆધુનિક ભારતના ઘડવૈયા છે. કોઈ પણસમાજ અથવા દેશનું સાચું ભવિષ્ય બનાવવાની જવાબદારીતે દેશના શિક્ષકોની છે. તેઓ વિદ્યાર્થીઓને સફળતાના શિખરો સુધી પહોંચવાનો માર્ગ બતાવવાનું કામ કરે છે. શિક્ષકના આ મહત્વને ધ્યાનમાં રાખીને, આપણા દેશમાં દર વર્ષે ૦૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલ અને ઈન્ચાર્જ સચિવ શ્રી સી.બી.પંડ્યા સહિત અધિકારીઓ અને કર્મચારીઓઉપસ્થિતરહી ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.

શિક્ષક કલ્યાણ નિધિમાં શિક્ષણ મંત્રી શ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર અને મંત્રી શ્રી પ્રફુલ્લ પાનસરિયાએ ફાળો અર્પણ કર્યો

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

આજીવન શિક્ષક અને પૂર્વ ભારતના રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ તા. ૦૫મી સપ્ટેમ્બર ને દેશભરમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વ્યક્તિ અને સમાજ ઘડતરમાં શિક્ષકોનું યોગદાન ખૂબ મહત્વનું છે. શિક્ષકોના આ પ્રદાનનું ઋણ સ્વીકાર કરવા આ દિવસે શિક્ષક કલ્યાણ નિધિમાં સૌ કોઈ રૂપે સ્વૈચ્છિક યોગદાન આપે છે. આજેશિક્ષક દિન નિમિત્તે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર અને મંત્રી શ્રી પ્રફુલ્લ પાનસરિયા પાસે ગાંધીનગરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ગયા હતા. આ વિદ્યાર્થીઓને મંત્રીશ્રીઓએ શિક્ષક દિને ગુરૂવર્યોના। સમાજ દાયિત્વનો ઋણસ્વીકાર કરતાશિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસઅધિકારીશ્રીજે.બી. પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગવાનભાઈ પ્રજાપતિ, પ્રાથમિક શિક્ષણાધિકારી પિયુષ પટેલ તથા અન્ય અધિકારીઓઉપસ્થિત રહ્યા હતા.

મોરબીમાં યોજાયો શિક્ષક દિન; જિલ્લા તથા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાયા

મહાનુભાવોના હસ્તે ૭ શ્રેષ્ઠ શિક્ષકો અને ૧૭ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું બહુમાન કરી શિક્ષક દિનની ઉજવણી કરાઈ

કમલમ્ ન્યુઝ,મોરબી,

મોરબી માં ધી.વી.સી. હાઈસ્કૂલ ખાત જિલ્લા/તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકો અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરી શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કહેવાય છે કે, શિક્ષક કભી સાધારણ નહીં હોતા, ત્યારે ભારતના શિક્ષકોને તેમના અથાક પ્રયત્નો અને સમર્પણ ભાવ માટે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે ૫ સપ્ટેમ્બરે ઉજવવામાં આવતા રાષ્ટ્રીય તહેવારના આ દિવસે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનોજન્મ થયો હતો. તેઓ એક મહાન શિક્ષક, વિદ્વાન અને દાર્શનિક હતા. શિક્ષક તરીકે તેમની કર્મનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠા ને હૃદયમાં અંકરેરું સ્થાન આપી તેમની એ નિષ્ઠાને પોંખવા માટે આ દિવસની સમગ્ર દેશમાં શિક્ષકદિન તરીકે ઉજવણી કરવામાંઆવે છે.ત્યારે મોરબીમાં ધી.વી.સી. હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો શિક્ષક દિનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ ૧ અને તાલુકા કક્ષાએ ૬ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષકોનું મહાનુભાવોના હસ્તે પારિતોષિક અર્પણ કરી અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જ્ઞાન સાધના પરીક્ષા અને જ્ઞાન સેતુ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૧૭ પ્રતિભાવંતાશાળી વિદ્યાર્થિને પણ સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હંસાબેન પારેઘીએ જણાવ્યું હતું કે, બાળકો માટે શિક્ષકનો સાથે વાલીની પણ જવાબદારીએટલી જ છે. આજના સમયે બાળકો મોબાઈલ તરફ વધુ વળી રહ્યા છે ત્યારે બાળકોમા શિક્ષણ અને સંસ્કારનું યોગ્ય સિંચન થાય તે આજની પરિસ્થિતિની સૌથી મોટી માંગ છે.

સાંસદશ્રી પરસોતમભાઈ રૂપાલાએ રામચરિત માનસના શ્લોકને ટાંકતા જીવનમાં ગુરુના મહત્વ અંગે અસંખ્ય દાખલાઓ વર્ણવી ક્રિતેવાત કરીહતી. તેમણે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ માંભારત દેશને વિકસિત બનાવવાનું જે લક્ષ્ય દેશને આપ્યું છે, તે માટે અન્યારના બાળકોનું ટેલેન્ટ જોતા લાગે છે કે આ લક્ષ્ય ૨૦૪૭ પહેલા જ હાંસલ થઈ જશે. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખી શાળામાં તેને અનુરૂપ વાતાવરણ આપવા શિક્ષકશ્રીઓને તેમણે અનુરોધ કર્યો હતો. વધુમાંતેમણે જણાવ્યું હતું કે, દુનિયાના તમામવ્યવસાયમાં એક શિક્ષકનો વ્યવસાય જ એવો છે કે જેની પાસે બાળકો હરખે હરખે આવે છે.બાળક એઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે જેને ખીલાવાનું સૌભાગ્ય શિક્ષકોને મળ્યું છે. શિક્ષક અને બાળકો વચ્ચે અભય નું વાતાવરણ હોવું જોઈએ. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી અભિગમના પગલે શિક્ષણ ક્ષેત્રે ઘરખમફેરફારો આવ્યાછે. આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ અદ્યતન કોલેજન। ભવનો જેવી બની ગઈ છે. શાળાઓમાં પ્રવેશોત્સવ, ગુણોત્સવ વગેરે જેવા અભિગમથકી શિક્ષણ વધુમજબૂત બન્યું છે. વધુમાં તેમણે દેખાદેખીમાં ખાનગી શાળાઓનો મોહ રાખે સરકારી શાળાઓમાં બાળકોને ભણાવવાની બાબત પર પણ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, અનેક સફળ વિભૂતિઓની પાછળ તેમના શિક્ષક કે ગુરુઓની પ્રેરણા મહત્વની સાબિત થઈ છે. દેશની ઉજ્જનીમાં શિક્ષકોનો સિંહ ફાળો છે ત્યારે શિક્ષકો પણ તમની આ મહાન શક્તિ પ્રત્યે ફરજ નિષ્ઠ બની તેમનું કર્તવ્ય નિભાવે તે પણ ખૂબ જરૂરી છે. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી કમલેશ ભાઈ મોતાએ કર્યું હતું જ્યારે આભારવિધિ પ્રવીણભાઈ અંબારીયાએ કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી દિનેશભાઈ વડસોલાએ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીકાંતિભાઈ અમૃતિયા, ધારા સભ્યશ્રી દુલભજીભાઈ દેથરિયા, જિલ્લા કલેકટરશ્રીકે.બી. ઝવેરી, જિલ્લાવિકાસ અધિકારીશ્રી જે. એસ. પ્રજાપતિ, જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી ચંદ્રિકાબેન કડીવાર, જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી હીરાભાઈ ટમારીયા, રાજકીય અગ્રણીશ્રી રણછોડભાઈ દલવાડી સહિત અગ્રણીઓ, સન્માનિત શિક્ષકશ્રીઓ અનેતેમના પરીજનો, જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રી, બાળકો અને તેમના વાલીઓ તથા મોરબીવાસીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

જે દેશમાં સર્જકોનું સન્માન થાય તે દેશ, તે દેશ- રાજ્ય હંમેશા પ્રગતિ કરે : શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર

ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની અધ્યક્ષતા તથા શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત થનાર શિક્ષકો સાથે વિચાર ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો



શિક્ષકનું કર્તવ્ય સમાજ નિર્માણ માટેનું શ્રેષ્ઠ કર્તવ્ય : શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા

કમલમ્ ન્યુઝ,

શિક્ષકો સમાજના ઉત્તમ ઘડવૈયા છે. ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકોને ગુજરાત સરકાર દર વર્ષે 'શિક્ષક દિવસે' તેમની ઉત્તમ કામગીરી માટે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરે છે.આ વર્ષે એવોર્ડ માટે રાજ્યના વિવિધ જિલ્લા ઓમાંથી ૨૮ શિક્ષકોની પસંદગીકરવામાં આવીછે. શિક્ષક દિવસની પૂર્વ સંધ્યાએ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાત શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર તથા શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ આ શિક્ષકો મિત્રો સાથે વિચાર ગોષ્ઠી યોજી હતી. શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત થનાર તમામ શિક્ષકોને અભિનંદન આપતાં શિક્ષણ મંત્રી ડૉ.કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, જેદેશમાં સર્જકોનું સન્માન થાય તે દેશ, તે રાજ્ય હંમેશાપ્રગતિ કરે છે. વિદ્યાર્થીઓમાં રહેલી તમામ કલાઓને ખીલવવાનું કામ શિક્ષક કરે છે. શ્રેષ્ઠ કામગીરી કરના શિક્ષકોની કામગીરીને સુવાસ માત્ર તમના શાળાઓ પુરતી સીમિત ન રહે પરંતુ તેમની કામગીરીની સુવાસસમગ્ર રાજ્યમાંફેલાય તેવા ઉમદાઆશય સાથેરાજ્ય સરકાર આ એવોર્ડ એનાયત કરે છે. એક શિક્ષક બાળકને માતાની મમતા અને પિતાનો પ્રેમ આપવાનો હોય છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં છેલ્લાંકેટલાક દિવસોથી થઈ રહેલી અતિવૃષ્ટિના કારણે અનેક બાળકોના પુસ્તકો પાણીમાં પલળવાથી બગડી ગયા છે જેનો ઝડપથી સર્વે કરી તમામ શાળાઓમાં પુસ્તકો પહોચાડવામાં આવશે. અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિમાં પણ શિક્ષકો પોતાના વિસ્તારમાં જઈને જનસંપર્ક વાના કાર્યમાં જોડાયા હતાં તેમની કામગીરીને પણ મંત્રીશ્રીએ બિરદાવી હતી. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, જો કોઈ સમાજમાં શિક્ષકને સર્વશ્રેષ્ઠ સન્માન મળેછે ત્યારે જ તે સમાજ જ્ઞાની ગણાય છે. એક શિક્ષક નું કર્તવ્ય સમાજ નિર્માણ માટેનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.બાળકોએઆદર્શિકાલનું ભવિષ્ય છે અને તેમને ભ ગવદ્ ગીતાનું મહત્વ સમજવું ખૂબ જરૂરી છે તેવા આશા સાથે જ રાજ્ય સરકારે બાળકોના। શિક્ષણમાં ભગવદ ગીતાનો સમાવેશકર્યો છે. જેથી એક બાળક શિક્ષણની સાથે સાથે ભવિષ્ય માં ઉપયોગી એવા જીવનના પાઠ પણ ભણી શકે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દરેક નાગરિકે પોતાના ક્ષેત્રમા શ્રેષ્ઠ પ્રદર્શન આપવું જોઈએ. રાજ્યના શિક્ષકો દ્વારા વિદ્યાર્થિઓના હિત અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે કરવામાં આવતા શ્રેષ્ઠ કાર્યને બિરદાવા માટે આ રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડથી દરેક શિક્ષકની શ્રેષ્ઠ પ્રદર્શન આપવા માટે પ્રોત્સાહન મળશે. આ પ્રસંગે પ્રાથમિક, માધ્યમિક અને અાચાર્ય કેટેગરીમા પસંદ ગી પામનાર શિક્ષકોએ પોતાનાપ્રતિભાવવ્યક્તયાહતા. આ કાર્યક્રમમાં રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના નિયામક શ્રી વિનયગિરિ ગોસાઈએ શાબ્દિક સ્વાગત તથા નાયબ નિયામક શ્રી હર્ષદભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા શિક્ષકોના। પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028